ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ.૦૧ તા.૦૮.૦૧.૨૦૧૮

------------------

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં અને ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યુવા મોરચા બેઠક યોજાઇ**

------------------

**૧૨મી જાન્યુઆરીએ વિવેકાનંદન જન્મજયંતિ નિમિત્તે યુવા મોરચા દ્વારા ગુજરાતના ૫૮૬ મંડલોમાં સ્વામી વિવેકાનંદ વંદન કાર્યક્રમ યોજાશે**

------------------

**૧૪મી જાન્યુઆરીના રોજ ગુજરાતભરની સેવાવસ્તીઓમાં બાળકો અને ભૂલકાઓને યુવા મોરચા દ્વારા પતંગ વિતરણ કરાશે**

------------------

**સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ નિમિત્તે સમગ્ર જીલ્લા/મહાનગરોમાં ૧૬ જાન્યુઆરી થી ૨૪ જાન્યુઆરી સુધી રક્તદાન શિબિર યોજશે**

------------------

**૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે સમગ્ર ગુજરાતમાં સામાજીક સમરસતા ત્રિરંગા યાત્રા યોજાશે**

------------------

ભાજપા યુવા મોરચાના મહામંત્રીશ્રી નેહલ શુક્લાએ એક અખબારી યાદીમાં જણાવ્યુ હતુ કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં ગુજરાત પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલની અધ્યક્ષતામાં આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યુવા મોરચાના જીલ્લા/મહાનગરના પ્રમુખશ્રીઓ અને જીલ્લાના પ્રભારીશ્રીઓની દિપ પ્રાગટ્ય તેમજ વંદે માતરમ્ ના ગાન સાથે બેઠક યોજાઇ થઇ હતી. બેઠકમાં યુવા મોરચાના આગામી કાર્યક્રમ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ યુવા મોરચાના પદાધિકારીઓને સંબોધતાં જણાવ્યું હતુ કે, ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બની છે. તે ઐતિહાસિક જીત માટે યુવા મોરચાના કાર્યને વખાણતાં અભિનંદન પાઠવ્યા હતા અને આગામી દિવસોમાં યુવાનોનું ઘડતર થાય અને રાજ્યમાં સકારાત્મક વાતાવરણનું નિર્માણ થાય તે પ્રકારના કાર્યક્રમોનું આયોજન યુવા મોરચાએ કરવું જોઇએ. ગુજરાતમાં આવનારી આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં યુવા મોરચા દ્વારા સરકારે કરેલા વિકાસના કામો જનતા સુધી પહોચાડવા જોઇએ તેમ કહી યુવા મોરચામાં જુસ્સો ભર્યો હતો.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ. ઋત્વિજ પટેલે આગામી કાર્યક્રમો વિશે જણાવતાં કહ્યું હતુ કે, ૧૨ જાન્યુઆરી વિવેકાનંદ જન્મજયંતિ નિમિત્તે ગુજરાતના ૫૮૯ મંડલોમાં યુવા મોરચા દ્વારા વિવેકાનંદ વંદન કાર્યક્રમ યોજાશે અને નગરપાલિકા, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતની આગામી દિવસોમાં ચૂંટણીઓ થનાર છે તે સ્થળોએ ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવશે. ૧૪મી જાન્યુઆરીના રોજ ગુજરાતભરની સેવાવસ્તીઓમાં બાળકો અને ભૂલકાઓને યુવા મોરચા દ્વારા પતંગ વિતરણ કરાશે. સુભાષચંદ્ર બોઝ જન્મજયંતિ નિમિત્તે સમગ્ર જીલ્લા/મહાનગરોમાં વિવિધ સ્થળોએ ૧૬ જાન્યુઆરી થી ૨૪ જાન્યુઆરી સુધી રક્તદાન શિબિર યોજશે. ત્યારબાદ ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિન નિમિત્તે સામાજીક સમરસતા ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે.

ભાજપાની મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલના નેતૃત્વવાળી સરકારે ગુજરાતના શિક્ષણ જગત સાથે સંકળાયેલ, વાલીઓની મુંઝવણને દુર કરતો ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ - ૨૦૧૭ કાયદો શેહશરમ રાખ્યા વગર ગુજરાત વિધાનસભામાં પસાર કર્યો તે બદલ ગુજરાત સરકારને અભિનંદન પાઠવતાં તેની ઉજવણીના કાર્યક્રમો આગામી દિવસોમાં યુવા મોરચા દ્વારા હાથ ધરાશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર - મીડિયા સેલ